

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-33 ■ તા. 25-8-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ગુજરાતમાં મેઘરાજા કરશે તોફાની બેટિંગ



રાજ્યમાં દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. બીજી તરફ, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાથી રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે અંબાલાલ પટેલે આગામી મહિનાને લઈને અતિ ભારે વરસાદની આગાહી કરી છે.અંબાલાલ પટેલે વરસાદની આગાહી કરતા જણાવ્યું હતું કે, 'અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં બનતી લો-પ્રેશરની વરસાદી સિસ્ટમોથી રાજ્યમાં ધોધમાર વરસાદને પગલે નદી-નાળા છલકાવાની સાથે કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ નિર્માણ થવાની શક્યતા છે, ત્યારે દક્ષિણ અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. જેમાં જામનગર, બોદાટ, વલસાડ, તાપી, પોરબંદર, કચ્છ સહિતના છૂટાછવાયા સ્થળોએ ૨ ઈંચથી ૧૦ ઈંચ સુધીનો વરસાદ પડવાની શક્યતા છે.'

રાજ્યમાં ઑગસ્ટ મહિનાના અંત સુધી પછી સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે, ત્યારે અંબાલાલ પટેલે ખેડૂતોને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે, 'એટમોસ્ફેરિક વેવ મજબૂત થતાં ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના કેટલાક ભાગોમાં ધોધમાર વરસાદ વચ્ચે ખેતરમાં પાણીનો ભરાવો ન થાય તે માટે ધ્યાન દોર્યું હતું.'આ સાથે હવામાન નિષ્ણાતે કહ્યું કે, 'ગણેશ ચર્તુથી દરમિયાન રાજ્યના અમુક સ્થળોએ સારો એવો વરસાદ પડી શકે છે. જ્યારે ભાદરવી પૂનમ સુધીમાં વરસાદી ઝાપટા રહેશે અને આગામી ૨૩ સપ્ટેમ્બર પછી પણ રાજ્યમાં વરસાદ પડવાની શક્યતા છે.'

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ૨૫ ઑગસ્ટે વડોદરા અને ભરૂચ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.બીજી તરફ, આણંદ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડી, ભાવનગર અને અમરેલી જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બીજી તરફ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં નો વૉર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

## સામુહિક આરોગ્ય કેન્દ્ર સામેજ ગંદકીનું સામ્રાજ્ય કુ.પોસીત બાળકોના કેન્દ્રના પ્રવેશ દ્વાર પર કીચડ અને ગંદકીના ઢગલા



ગોવિંદભાઈ પટેલ

પાટનગર સંદેશ ◦ દાહોદ આરોગ્ય કર્મચારિયો જયારે ગામે ગામ ઘરે ઘરે ફરીને સ્વચ્છતા માટે લોકો ને અપીલ કરતા હોય ત્યારે અહી દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ છે

લીમખેડા રેફરલ હોસ્પીટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ચાલતું કુપોષિત બાળકો ના કેન્દ્ર ના મુખ્ય દરવાજે ગંદકીના ઢગલા તેમજ અન્ય જગ્યા એ પણ ગંદગી જોવા મળી આરોગ્ય ઓફિસ ના પેસાબ ઘરમાં પણ ગંદકી.જો આરોગ્ય કર્મચારિયો જ આવી ગંદકી માં રહેતા હોય અને સરકાર આ લોકોને. લોકોની સારવાર માટે મુક્યો છે અને જ્યાં પણ ગંદકી હોય. પાણીનો બિન જરૂરી સંગ્રહ થતો હોય એ તમામ નો નિકાલ માટે લોકો ને સમજ આપવાનું કામ કરવાનું હોય છે. ત્યારે આ લોકો જ ખુદ ગંદકી માં બેઠા છે તો લોકો ને ક્યાંથી સલાહ અને સારવાર આપશે. દવાખાનાની આસપાસ મચ્છરો દેખાઈ રહ્યા છે.

## રોગપ્રતિકારક રસીકરણમાં ગુજરાત અગ્રેસર

## SDG-૨૦૨૪ મુજબ સંપૂર્ણ રસીકરણમાં ગુજરાતની ઉપલબ્ધિ ૯૫.૯૫ % , જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે અને ગત વર્ષનાં રીપોર્ટ અનુસાર ૮૮ % થી ખુબ જ નોંધપાત્ર વધારો

પાટનગર સંદેશ ◦ ગાંધીનગર

..................

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્યનું આરોગ્ય વિભાગ આરોગ્ય વિષયક સેવા – સુવિધાઓમાં નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે.

બાળકોને આપવામાં આવતી રોગ પ્રતિરોધક રસીકરણમાં પણ ગુજરાત રાજ્યમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

તાજેતરમાં નિતી આયોગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૪ ના જીહ્ર લક્ષ્યાંકોમાં આરોગ્ય વિષયક સેવા અને સુવિધાઓમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે.

તેમાં પણ સંપૂર્ણ રસીકરણમાં ગુજરાત રાજ્યની ઉપલબ્ધિ ૯૫.૯૫ % છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે અને ગત વર્ષનાં જીહ્ર ૮૮ % થી ખુબજ નોંધપાત્ર વધારો થયેલ છે.

આ સંદર્ભે રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત કોંગ્રેસ દ્વારા એક અખબારી યાદી પ્રકાશિત કરીને ''રોગપ્રતિરક્ષા રસીકરણમાં ૯૦ ટકા સાથે સૌથી સારી કામગીરી ઓરીસ્સા રાજ્યની છે તેમ જણાવીને ગુજરાત ૨૧ ક્રમ સાથે છેવાડાનું રાજ્ય'' છે તેવો અહેવાલ હકીકતથી વિપરિત અને જુના સર્વે ડેટા આધારિત પ્રકાશિત કરીને ગુજરાતની જનતાને ભ્રમિત કરવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યુ કે, ખરેખર તેમની આ ઉપરોકત યાદીમાં નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ , વર્ષ ૨૦૧૯-૨૧ નાં ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જુનો સર્વે ડેટા છે . જેમાં ગુજરાત રાજ્યનું સંપૂર્ણ રસીકરણ કવરેજ મહદઅંશે સમગ્ર ભારત દેશનાં કવરેજ જેટલુ અને મોટા રાજ્યોની સરખામણીએ ૧૩ માં સ્થાને છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે ડેટા સેટમાં સરખામણી મોટા રાજ્યોની કરવામાં આવે છે. વધુમાં, હાલમાં નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૬ , વર્ષ ૨૦૨૩-૨૪ની કામગીરી પ્રગતિમાં છે.

રાજ્યમાં રસીકરણ થી અટકાવી શકાય તેવા રોગો ખાસ કરીને ડીપ્થેરિયા, મેટેરનલ અને નીઓનેટલ ટીટેનસ માં રાજ્ય સરકારનાં સઘન પ્રયાસોથી ખુબજ નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. વધુમાં, સઘન માતા અને બાળ આરોગ્ય સેવાઓ અને સગર્ભા માતાઓના રસીકરણ અને સંસ્થાકિય પ્રસુતિ થી મેટરનલ અને નીયોનેટલ ટીટેનસના કેસોની નાબુદી ઉૐ દ્વારા ૨૦૦૯માં પ્રમાણિત કરવામાં આવેલ હતી . તાજેતરમાં જુન ૨૦૨૪ માં ઉૐ દ્વારા ફરીથી પ્રમાણિત કરવામાં આવેલ છે તે સંપૂર્ણ રસીકરણ કાર્યક્રમની સફળતા દર્શાવે છે. રાજ્યમાં સંપૂર્ણ રસીકરણનો વ્યાપ વધારવા માટે વર્ષ ૨૦૨૩માં ઈન્ટેસીફાઈડ મિશન ઈન્દ્રધનુષ ૫.૦ અંતર્ગત રસીકરણ બાકી રહી ગયેલ હોય કે કોઈ છુટી ગયેલ હોય તેવા બાળકોને ઝુંબેશરૂપે આવરી લેવામાં આવ્યા છે. અને કુલ ૭૮,૪૫૮ બાળકોનું રસીકરણ કરવામાં આવેલ છે. મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત અત્યારસુધીમાં કુલ ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભામાતાઓનું રસીકરણ કરવામાં આવેલ છે.



**મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત અત્યારસુધીમાં કુલ ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભામાતાઓનું રસીકરણ કરવામાં આવ્યું**

..........................

**કોંગ્રેસ દ્વારા રસીકરણ સંદર્ભે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ વર્ષ ૨૦૧૯-૨૧નાં ડેટાનો ઉલ્લેખ કરીને રાજ્યની જનતાને ભ્રમિત કરવાનો હીન પ્રયાસ કરાયો છે – આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ**

## અમદાવાદમાં ધોધમાર વરસાદ, નીચાણવાળા વિસ્તારો પાણીમાં, મીઠાખળી અંડરપાસ બંધ

હવામાન વિભાગની આગાહી વચ્ચે અમદાવાદમાં સતત ત્રીજા દિવસે મેઘમહેર થઈ હતી. વરસાદે પેટર્ન બદલી હોય તેમ છેલ્લા કેટલાક દિવસથી અસહ્ય ઉકળાટ બાદ અમદાવાદ સહિત સમગ્ર રાજ્યભરમાં ૨૪ કલાકમાં ૧૫૩ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. શુક્રવારે મેમ્કો-નરોડા વિસ્તારમાં બે ઈંચ ઉપરાંત વરસાદથી અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ થયા હતા. જ્યારે આજે વહેલી સવારથી અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાનું શરૂ થઈ ગયું છે. તો બીજી તરફ મીઠાખળી અંડરપાસ બંધ કરી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે અમદાવાદ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સરખેજ, મકરબા, પ્રહ્લાદ નગર, વેજલપુર, જીવરાજ પાર્ક, ગોતા, શ્યામલ, સાયન્સ સિટી, થલતેજ, બોપલ, ઘુમા, શિલજ, સેટેલાઈટ, ચાંદખેડા, રાણીપ, વાડજ, ઘાટલોડિયા, ચાંદલોડિયા, ચાણક્યપુરી, નરોડા, કુબેરનગર, એરપોર્ટ, કોતરપુર, મેમ્કો, સૈજપુર સહિત શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

સુરતમાં પણ ફરી મેઘરાજાનું આગમન થયું છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં અડાજણ, જહાંગીરપુરા, રાંદેર, કતારગામ, ભટાર, પીપલોદ, વેસુ, અઠવાલાઈન્સ, અમરોલી, વરાછા, કાપોદ્રા, ઉધના, ડિંડોલી વિસ્તારમાં સર્વત્રિક વરસાદ પડી રહ્યો છે. જેને કારણે વાતાવરણમાં ઠંડક પસરી છે.

## મ.પ્રદેશના છતરપુરમાં પથ્થરમારાના આરોપીની રૂ. ૧૦ કરોડની ભવ્ય હવેલી તોડી પડાઈ

ભોપાલ : મધ્ય પ્રદેશના છતરપુરમાં પથ્થરમારા અને તોફાનના કિસ્સામાં પોલીસ-તંત્રે મુખ્ય આરોપી તથા કોંગ્રેસના પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ હાજી શહજાદ અલીની ભવ્ય હવેલી તોડી પાડી હતી. તંત્રનો દાવો છે કે અંદાજે ૨૦,૦૦૦ ચો. ફૂટમાં બનાવાયેલી હવેલી કોઈપણ મંજૂરી વિના બનાવાઈ હતી. બોલિવૂડ ફિલ્મ 'સનમ બેવફા'ની હવેલીની જેમ શહજાદે આ હવેલી બનાવવા રૂ. ૧૦ કરોડ ખર્ચ્યાં હતા. વર્ષ ૨૦૧૭થી આ હવેલીનું નિર્માણ થઈ રહ્યું હતું. હવેલી બન્યા પછી તેમણે હજુ ગૃહપ્રવેશ પણ નહોતો કર્યો અને તેને તોડી પડાઈ.સરકારી તંત્રે નવનિર્મિત હવેલીની બાજુમાં શહજાદના વધુ એક મકાન સહિત તેના કોર્પોરેટ ભાઈ આઝાદ અલીનું મકાન પણ તોડી પાડયું હતું. આ કાર્યવાહી દરમિયાન ઘરમાં રખાયેલી ત્રણ મોંઘી કાર, બે સ્કૂટી અને બે બાઈક પણ બુલડોઝરે તોડી પાડયા હતા.





મહારાષ્ટ્રમાં સંત રામગિરી મહારાજ અંગે વાંધાજનક ટીપ્પણી કરાયા પછી બુધવારે મુસ્લિમ સમાજના લોકો મેમોરેન્ડમ આપવા છતરપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આ સમયે કોંગ્રેસના પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ હાજી શહજાદ અલી અને તેના ભાઈ નગર પાલિકા કોર્પોરેટર આઝાદ અલીના નેતૃત્વમાં ટોળાએ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ ઘટનામાં પોલીસ સ્ટેશન ઈન-ચાર્જ અરવિંદ કુજૂર સહિત બે પોલીસ કોન્સ્ટેબલને ઈજા પહોંચી હતી. એફઆઈઆરમાં મુખ્ય આરોપી શહજાદના પુત્ર સોનુ ખાન અને મોનુ ખાન સહિત આઝાદના પુત્ર ઈનાયત ખાનનું નામ પણ સામેલ છે.છતરપુર પોલીસ તંત્રે આ ઘટનામાં મુખ્ય ભૂમિકા ભજવનારા કોંગ્રેસના પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ હાજી શહજાદ અલી અને તેમના ભાઈ કોંગ્રેસ કોર્પોરેટર આઝાદ અલીની ૨૦,૦૦૦ ચો. ફૂટમાં મંજૂરી વિના બનાવાયેલી હવેલી ચાર બુલડોઝરથી ૬ કલાકમાં તોડી પાડી. હવેલીની કિંમત રૂ. ૧૦ કરોડ હોવાનું માનવામાં આવે છે.સૂત્રો દ્વારા દાવો કરાયો છે કે બોલિવૂડ ફિલ્મ સનમ બેવફામાં દર્શાવાયેલી હવેલીથી પ્રભાવિત થઈને શહજાદ અલિએ તેની ગેરકાયદે કમાણીથી આ હવેલી બનાવી હતી.

## ગુજરાતમાં વરસાદનું રેડ એલર્ટ, ૧૨ રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ, હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી

ભારતીય હવામાન વિભાગે (IMD) આજે હવામાનને લઈને લેટેસ્ટ આગાહી કરી દીધી છે. જેમાં ગુજરાતને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જ્યારે દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની આગાહી કરી છે. બીજી બાજુ છત્તીસગઢ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા, આસામ, મેઘાલય, ગોવા, પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આ તમામ ૧૨ રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.૨૫ ઓગસ્ટે ગુજરાત, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજસ્થાન, ઝારખંડ, મધ્યપ્રદેશ, આસામ, મેઘાલય, ગોવા, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર ભારતીય રાજ્યો અને કેરળમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

૨૬ ઓગસ્ટે ગુજરાતના કેટલાક ભાગોમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ગોવામાં ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને બિહાર જેવા રાજ્યોમાં પણ ભારે વરસાદની સંભાવના છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના ભાગો માટે ૨૭ ઓગસ્ટે માટે પણ ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સિવાય હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કેરળ, ત્રિપુરા અને મિઝોરમમાં ભારે વરસાદની સંભાવના છે.

## તંત્રી લેખ.....

# ગોલ્ડ લોન માર્કેટ પાંચ વર્ષમાં બમણું થઈ જશે

કડક નિયમોને કારણે વૃદ્ધિમાં અપેક્ષિત મંદી હોવા છતાં, ભારતનું સંગઠિત ગોલ્ડ લોન માર્કેટ આગામી પાંચ વર્ષમાં બમણું થઈને રૂ. ૧૪.૧૯ લાખ કરોડ થવાની ધારણા છે. એક રિપોર્ટમાં આ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.દેશના ગોલ્ડ લોન માર્કેટ પર જાહેર કરાયેલા આ રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સંગઠિત ગોલ્ડ લોન માર્કેટમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી અને તે ૭.૧ લાખ કરોડ રૂપિયાના મૂલ્ય પર પહોંચી ગયું હતું. આ મુજબ, પાંચ વર્ષમાં ૧૪.૮૫ ટકાના વાર્ષિક વૃદ્ધિ દરે, નાણાકીય વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં સોના સામે લોનનું બજાર ૧૪.૧૯ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની સંભાવના છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય પરિવારો પાસે ૨૫,૦૦૦ ટનનો અંદાજિત સોનું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય પરિવારો પાસે હાલના સોનાનું મુલ્ય લગભગ ૧૨૬ લાખ કરોડ રૂપિયા છે. ગોલ્ડ માર્કેટ સામેની લોનમાં આગામી બે વર્ષમાં મધ્યમ વૃદ્ધિ જોવા મળશે કારણ કે સોના સામે લોન આપનારા ધિરાણકર્તાઓને લોન ટુ વેલ્યુ જાળવણી અને હરાજીને લગતી પ્રક્રિયાઓ અંગે નિયમનકારી સત્તાવાળાઓની તપાસનો સામનો કરવો પડે છે.આ માર્કેટમાં બીજી સૌથી મોટી કંપનીના નિષ્ક્રિય થવાથી ચાલુ નાણાકીય વર્ષમાં બજારના વિકાસને અસર થશે. વધુમાં, રોકડ વિતરણ પર બિન-બેંકિંગ નાણાકીય કંપનીઓ માટે રિઝર્વ બેંકની સલાહ, જે રોકડ વિતરણની રકમને ૨૦,૦૦૦ રૂપિયા સુધી મર્યાદિત કરે છે, તે ગ્રાહકોને અસંગઠિત ક્ષેત્ર પર આધાર રાખવા દબાણ કરી શકે છે.નિયમનકારે ફિનટેક સ્ટાર્ટઅપ્સ દ્વારા ધિરાણ પ્રવૃત્તિઓ માટે મૂલ્યાંકન પ્રક્રિયા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

# વક્ફ બોર્ડ સંશોધન બિલ અંગે સમગ્ર દેશમાં રાજકારણ ગરમાયેલું છે!

નવી દિલ્હી,

વક્ફ બોર્ડ સંશોધન બિલ અંગે સમગ્ર દેશમાં રાજકારણ ગરમાયેલું છે. હવે આવામાં બધાની નજર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આંધ્ર પ્રદેશના સીએમ એન ચંદ્રબાબુ નાયડુ પર ટકેલી છે. આ પાર્ટીઓ કેન્દ્રમાં મોદી સરકારની સાથે છે. પરંતુ શું વક્ફ બોર્ડ બિલ પર આ બંને એનડીએનું સમર્થન કરશે કે નહીં તેના પર હવે એક નિવેદન બાદ સવાલ ઊભો થયો છે. વાત જાણે એમ છે કે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ(છૈંસ્ન્મ્)ના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાનીએ ગુરુવારે એક દાવો કર્યો કે મુસ્લિમ સંગઠનોના પ્રતિનિધિઓએ નીતિશકુમાર અને ચંદ્રબાબુ નાયડુ સાથે મુલાકાત કરી છે જેમાં બંને નેતાઓએ ખાતરી અપાવી છે કે તેઓ વક્ફ સંશોધન બિલનો વિરોધ કરશે. રહમાનીએ એમ પણ કહ્યું કે કેન્દ્રએ આ બિલ પાછું ખેંચી લેવું જોઈએ અને જો આ બિલ સંસદમાં પાસ કરાવવા માટે રજૂ કરાયું તો તેના વિરુદ્ધ દેશવ્યાપી આંદોલન કરાશે અને કાયદાના દાયરામાં રહીને દરેક લડાઈ લડાશે. પ્રેસ કોન્ફરન્સમાં રહમાની ઉપરાંત જમીયત ઉલેમા એ હિન્દના પ્રમુખ મૌલાના અરશદ મદની, જમાત એ ઈસ્લામી હિંદના અમીર સઆદતુલ્લાહ હુસૈની, મરકઝી જમીયત અહેલ હદીસના પ્રમુખ મૌલાના અસગર અલી ઈમામ મેહદી સલફી, પર્સનલ લો બોર્ડના મહાસચિવ મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદી અને પર્સનલ લો બોર્ડના પ્રવક્તા સૈયદ કાસિમ રસૂલ ઈલિયાસ હાજર હતા.

જ્યારે એવું પૂછવામાં આવ્યું કે શું જેડીયુ અને ટીડીપીના નેતાઓ સાથે પણ મુલાકાત થઈ છે અને તેમનું શું વલણ છે તો રહેમાનીએ કહ્યું કે અમારી મુલાકાત અલગ અલગ વિપક્ષી દળોના નેતાઓ સાથે થઈ છે. ચંદ્રબાબુ નાયડુ સાથે પણ મુલાકાત થઈ છે અને તેમણે ખાતરી અપાવી છે કે તેઓ આ બિલનો વિરોધ કરશે. બુધવારે નીતિશકુમાર સાથે પણ મુલાકાત થઈ અને તેમણે પણ ખાતરી અપાવી છે કે તેઓ તેનો વિરોધ કરશે. તેજસ્વી યાદવ સાથે પણ મુલાકાત થઈ અને તેમણે પણ ભરોસો અપાવ્યો છે કે તેઓ આ બિલનો વિરોધ કરશે. પર્સનલ લો બોર્ડ ચીફના જણાવ્યાં મુજબ શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે વક્ફ પર સરકારને હાથ મૂકવા દેવામાં નહીં આવે. તેમનું કહેવું હતું કે અન્ય અનેક ધર્મનિરપેક્ષ પાર્ટીઓ અને એનડીએના સહયોગી પક્ષોએ પણ આ બિલનો વિરોધ કરવાની ખાતરી આપી છે. નીતિશકુમાર અને નાયડુ સાથે મુલાકાત અંગે પૂછવામાં આવતા રહમાનીએ કહ્યું કે અમે આ અંગે વિસ્તારમાં જણાવી શકીશું નહીં. અમે તેમને મળી ચૂક્યા છીએ. આ કોઈ હિન્દુ મુસલમાનનો મુદ્દો નથી, આ ન્યાય અને અન્યાયનો મુદ્દો છે. આથી અમે ઈચ્છીએ છીએ કે ભાજપના સહયોગીઓ સહિત તમામ ધર્મનિરપેક્ષ દળો ન્યાય અને ધર્મનિરપેક્ષતાને ધ્યાનમાં રાખીને અમારું સમર્થન કરે. અત્રે જણાવવાનું કે આ પ્રેસ કોન્ફરન્સ એવા દિવસે થઈ કે જ્યારે વક્ફ સંશોધન બિલ સંબંધિત સંસદની સંયુક્ત સમિતિની પહેલી બેઠક થઈ. જમીયત પ્રમુખ અરશદ મદનીએ આરોપ લગાવ્યો કે આ મુદ્દો ફક્ત વક્ફનો જ નહીં પરંતુ આ મુદ્દો હિન્દુસ્તાનના બંધારણમાં અલ્પસંખ્યકોને અપાયેલી આઝાદી અંગે છે જેના વિરુદ્ધ હાલની સરકાર કામ કરી રહી છે. તેમણે કહ્યું કે આજની સરકાર અલ્પસંખ્યકો અને તેના ધર્મને સલામત રહેવા દેવા માંગતી નથી. સરકારે જે દ્રષ્ટિકોણ અપનાવેલો છે અમે તેનો વિરોધ કરીએ છીએ. દરેક અલ્પસંખ્યક વક્ફ મામલે એકજૂથ છે.

# જમ્મુ-કાશ્મીર ચૂંટણી પહેલા ભાજપને મોટો ફટકો


જમ્મુ કાશ્મીર,

જમ્મુ કાશ્મીરમાં ૨૦ ઓગસ્ટથી વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જેમાં પહેલાં તબક્કાનું મતદાન ૧૮ સપ્ટેમ્બરે થશે. તે પહેલાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શ્રીનગરમાં કાર્યકર્તાઓ સાથે બેઠક કરી નવા પ્રાણ ફૂંકવાનો પ્રયાસ કર્યો. તો તેમની હાજરીમાં જ કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સનું ચૂંટણી માટે ગઠબંધન થયું. ત્યારે જમ્મુ કાશ્મીરમાં કેટલી બેઠકો પર ક્યારે મતદાન થશે? રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓને કઈ મોટી વાત કહી? જોઈશું આ રિપોર્ટમાં. આ દ્રશ્યો જમ્મુ કાશ્મીરની રાજનીતિ સમજવા માટે પૂરતા છે. જેમાં જોઈ શકાય છે કે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે છે. તો બીજીબાજુ નેશનલ કોન્ફરન્સના ફારુક અબ્દુલ્લા અને તેમના પુત્ર ઓમર અબ્દુલ્લા છે. આ દ્રશ્યો પરથી લાગી રહ્યું છે કે તમામ નેતાઓ ખુશમિજાજ અંદાજમાં છે. એટલે બેઠકમાં ચૂંટણીને લઈને કંઈક સફળ ચર્ચા થઈ જશે અને એવું જ થયું.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ પ્રેસ કોન્ફરન્સ કરીને તેની જાહેરાત કરી દીધી. જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ સાથે આવી ગયા છે. એટલે બંને પાર્ટી વિધાનસભાની ૯૦ બેઠક પર સાથે મળીને ચૂંટણી લડશે. ફારુક અબ્દુલ્લાએ ચૂંટણીમાં જીત મળશે તેવો દાવો કર્યો છે. જે ઉદ્દેશ્યથી રાહુલ ગાંધી કાશ્મીરના પ્રવાસે આવ્યા હતા તે પૂરું થઈ ગયું. આ પહેલાં રાહુલ ગાંધીએ શ્રીનગરમાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. જેમાં તેમણે કાર્યકર્તાઓમાં નવા પ્રાણ ફૂંકવાનો પ્રયાસ કર્યો. રાહુલ ગાંધીએ કાશ્મીરના લોકો સાથે તેમને શું લગાવ છે તેનો ખુલાસો તેમણે શ્રીનગરમાં કરી દીધો. જમ્મુ કાશ્મીરમાં ભાજપ સામે સૌથી મોટો પડકાર સ્થાનિક પાર્ટીઓ અને કોંગ્રેસ છે.

# ઓડૂ ૧૦,૦૦૦+ પ્રતિભાગીઓ સાથે માઇલસ્ટોન હાંસલ કરે છે, ભાવિ નવીનતાઓનું અનાવરણ કરે છે




## મુખ્ય ઉપાયોઃ

- રેકોર્ડબ્રેકિંગ ૧૦,૦૦૦+ પ્રતિભાગીઓ અને ૩૫,૦૦૦ નોંધણીઓ
- સરકારી પ્રોજેક્ટ્સ અને પ્રખ્યાત સંસ્થાઓ સહિત ૧૫૦+ પ્રેરણાદાયી સત્રો
- ડેલોઇટે પ્રદર્શક અને વક્તા તરીકે ભાગ લીધો હતો
- આંતરરાષ્ટ્રીય ગ્રાહકો અને નિષ્ણાતો જોડાયેલા અને જ્ઞાન વહેંચે છે
- ઓડુએ આવનારી સુવિધાઓ અને ભાવિ નવીનતાઓનું પ્રદર્શન કર્યું

આ વિસ્તૃત સંસ્કરણ ઇવેન્ટ, ઓડુની સિદ્ધિઓ અને તેની ભાવિ દિશા વિશે વધુ સંદર્ભ અને વિગતો પ્રદાન કરતી વખતે મુખ્ય સંદેશને જાળવી રાખે છે.

**રેકોર્ડ-બ્રેકિંગ નોંધણીઓ, પ્રેરણાદાયી સત્રો અને નિષ્ણાત આંતરદૃષ્ટિ ઓડૂની નવીનતમ સફળતાને ચિહ્નિત કરે છે**

ગાંધીનગર, ઓડુ, અગ્રણી ઓપન-સોર્સ બિઝનેસ મેનેજમેન્ટ સોફ્ટવેર, તેની તાજેતરની ઈવેન્ટમાં ૧૦,૦૦૦ થી વધુ હાજરી અને ૩૫,૦૦૦ નોંધણીઓ સાથે નોંધપાત્ર માઈલસ્ટોન હાંસલ કરે છે. આ રેકોર્ડ બ્રેકિંગ મતદાન ઓડુના વધતા પ્રભાવ અને ઉદ્યોગમાં નવીનતા પ્રત્યે પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

કોન્ફરન્સમાં ૧૫૦+ પ્રેરણાદાયી સત્રોનો પ્રભાવશાળી લાઈનઅપ દર્શાવવામાં આવ્યો હતો, જેમાં સફળ સરકારી પ્રોજેક્ટ્સ, ઈશા ફાઉન્ડેશન અને સોમનાથ ટ્રસ્ટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સત્રોએ વિવિધ ક્ષેત્રોમાં ઓડૂની વૈવિધ્યતા અને પ્રભાવને પ્રકાશિત કર્યો. પ્રખ્યાત સર્જકો અને વક્તાઓએ સ્ટેજ લીધો, તેમની કુશળતા અને અનુભવો શેર કર્યા, ઉપસ્થિતોને મૂલ્યવાન આંતરદૃષ્ટિ અને વ્યવહારુ જ્ઞાન પ્રદાન કર્યું.

ડેલોઈટ, એક વિશ્વાસપાત્ર ઉદ્યોગ અગ્રણી, પ્રદર્શક અને વક્તા બંને તરીકે ભાગ લીધો, અને ઈવેન્ટની ચર્ચાઓમાં ઊંડાણ ઉમેર્યું. તેમની સંડોવણી ટોચ-સ્તરના ભાગીદારો અને સહયોગીઓને આકર્ષવાની ઓડૂની ક્ષમતા દર્શાવે છે. આ ઈવેન્ટ આંતરરાષ્ટ્રીય ગ્રાહકો અને નિષ્ણાતોને પણ એકસાથે લાવી, જ્ઞાનની વહેંચણી, નેટવર્કિંગ અને સહયોગ માટેની અનન્ય તકને પ્રોત્સાહન આપે છે.

ઓડ એ આવનારી સુવિધાઓનું પ્રદર્શન કર્યું, જેમાં ઉપસ્થિતોને બિઝનેસ મેનેજમેન્ટના ભવિષ્યની ઝલક આપી. નવીનતા અને ગ્રાહક સંતોષ માટે તેની પ્રતિબદ્ધતા સાથે,ઓર્ડ ઉદ્યોગના લેન્ડસ્કેપને આકાર આપવાનું ચાલુ રાખે છે. ઓપન-સોર્સ સિદ્ધાંતો પ્રત્યે કંપનીનું સમર્પણ એ સુનિશ્ચિત કરે છે કે તમામ કદના વ્યવસાયો તેના અત્યાધુનિક ઉકેલોનો લાભ લઈ શકે છે. ભવિષ્ય તરફ જુએ છે, તે નવી ઊંચાઈઓ સુધી પહોંચવા માટે વ્યવસાયોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેના સતત વિકસતા પ્લેટફોર્મ સાથે, ઓડુ ઉભરતા પડકારો અને તકોને સંબોધવા માટે તૈયાર છે.ઓડુ ના નવીનતમ વિકાસ અને નવીનતાઓ વિશે વધુ અપડેટ્સ માટે ટ્યુન રહો, અને તેના ઉકેલો તમારા વ્યવસાયને કેવી રીતે પરિવર્તિત કરી શકે છે તે શોધો.

## ★ગણિકા અવતાર★

મઢવાની લાગણી હજુ બહાર નથી આવી.
ગંજીપાની રાણી ક્યાં અવતારમાં આવી છે!

રોજ એક નખનો નહોર ભરાય લાગણી પર,
વેદનાં મનની ઈચ્છા ને ક્યાં હજુ પુછાય છે!

ખોલુ જો રાજ તો એક એક વર્દી ઉતરે છે!
છુટ આપે જીભને તો ઘણા ઘર ભંગાય છે!

રંગીન રાતની રોજ મજા તું મફ્ત માણે છે!
તારી મજાની સજા આ કુમળાં છોડ ભોગવે છે!

શ્વાસ વગરના શરીરને રોજ તું નિચોવે છે!
હાડ માસનાં જીવને રોજ તું ચુથે છે!

વરસતી લાગણીને પૈસાના તોલે તું તોલે છે!
પેટના ખાડા પુરવા રોજ આંસુનો વેપાર થાય છે!

હેતલ જાની 'શિવા'

## રોકો નહીં --

મારી આંખોમાં સપનાના ઘોડાપૂર આવ્યા કોઈ રોકો નહીં
મારા રુદયામાં લાગણીના મોજા ઉછળ્યા કોઈ રોકોનહીં.
વરસાદી મોસમમાં તનડું ભીંજાય એમ ભીંજાય રહ્યું મન
સપનામાં દેખાતા સોનેરી દશ્યોને માણતા કોઈ રોકી નહીં.
મોરલાઓ થનગનતા નાચે છે અને કોયલ સંભળાવે ગીત
દરિયાના મોજાઓ ઉછળે તો ઉછળે ઉછળતા રોકો નહીં.
વરસાદી વાદળાંઓ એવા વરસ્યા ધરતી થઈ ગઈ લીલીછમ
મારા ઉપવનમાં ફુલડાઓ મેળો ભરે ને રણમાં ઉભરાયા જળ
મારા સપનામાં ઘોડા પર બેસી ને આવ્યો સપનાનો રાજકુંવર
મારા અંતરના ઓરડાઓ ઊઘડી ગયા બંધ કરશો નહીં.

જયંતિ જડિયા (મુંબઈ)

.............................................

ધારણાઓ થી વધારે ધારવાનું શું હવે?
ને નકામી વાતને સંભારવાનું શું હવે?

મન કદી કાબૂમાં રહ્યું છે અહીં ક્યાં કોઈનું,
તો પછી મનને પરાણે મારવાનું શું હવે?

થઈ રહ્યું છે જે અહીં એ તો લખાયેલું જ છે,
તો પછી આંસુ નકામા સારવાનું શું હવે?

જિંદગીની આ રમતમાં શક્યતા તો બે જ છે,
જીતવાનું શક્ય છે ત્યાં હારવાનું શું હવે?

'સ્તબ્ધ' અંદર કંઈક તો સળગી રહ્યું છે ક્યારનું,
રોજ એ સળગી ઉઠે તો ઠારવાનું શું હવે?

કૌશલ શેઠ 'સ્તબ્ધ' (રાજકોટ)

.................................

ઝાંઝવાના જળ પીધાંની વાત છે,
ને વચન ખોટા દીધાની વાત છે,

લો બધા માની લઉં અપરાધ હું,
આંગળીને ક્યાં ચિંધ્યાની વાત છે?

પાંપણો પર ભાર પણ વર્તાય છે,
દુખતું હો એ કિધાની વાત છે,

છે સતત ધારા અશ્રુની આંખમાં,
હા હૃદયને કંઈ વિંધ્યાની વાત છે,

ના પહોચાયું કદી દિલમાં જરા,
માર્ગ અવળો આ લીધાની વાત છે

હિંમતસિંહ ઝાલા (બાલાસિનોર)

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હૃદયે રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર

ગાંધીનગર,તા.૨૪

વિધાનસભા ગૃહ ખાતે જાહેર અગત્યની બાબત પર નિવેદન અને ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હૃદયે રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રી પટેલે રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળી કુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને જીઙ્ઘઇહ્લ-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું